Marriage

THE MARRIAGE

OF

Miss Motangavri Sarupchand Kalyanchand

WITH

Mr. Hiralal R. Malbari.



Honour, riches, marriage-blessing,
Long continuance, and increasing,
Hourly joys be still upon you!
Lakhsmi shed her blessings on you!



Nanavat, SURAT.

19 January 1917.

મંગળાચરણ.

મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમ પ્રભુ;
મંગલં સ્થુલિ ભદ્રા, જૈન ધર્મોસ્તુ મંગલમ્

૨

આદીશ્વર ભગવાનની સ્તુતી.

જૂગાદી જિન નમું ભાવ સરશેં, દેવેંદ્ર જગેશ્વરા
વીર્મી દૈવ સબ સુરાસુર વરે, આશા પુરાણો પરા
સુર્તી તામ મન મિજે રમિ અતી, અર્તી હરજે મુદા
વાશા વાર ભવહરા અમતણા, દેજે વર તું સદા

૩

નવ પદની સ્તુતિ.

(શાર્દૂલ વિક્રિડિત)

અર્હન્તો ભગવન્ત ઇન્દ્ર મહિતો, સિદ્ધાશ્ચ સિદ્ધિ સ્થિતા;
આચાર્ય જિન શાસનોન્નતિ કરા, પૂજ્યા ઉપાધ્યાયકા;
શ્રી સિદ્ધાંત સુપાઠકા મુનિવરા. રત્ન ત્રયા રાધકા,
પંચૈ તે પરમેષ્ટિનઃ પ્રતિદિનં કુર્વન્તુ વો મંગલમ્.

૪

દેવગુરૂની સ્તુતી

શ્રી આદીશ્વર શાન્તિ નેમિ જિનને, શ્રી પાર્શ્વ વીર પ્રભો;
એ પાંચે જિનરાજ આજ પ્રણમું, હેતે ધરી એ વિભો;
કલ્યાણે કમલા સદૈવ વિમલા, વૃદ્ધિ પમાડો અતિ,
એહવા ગૌતમ સ્વામિ લબ્ધિ ભરીઆ આપો સદા સન્મતિ.

૫

મંગળફેરા સમયનું ગીત.

માયરામાં પહેલું મંગળ વરતાય રે
પહેલે મંગળ મધુંપાક દાન અપાય રે
દાન આપે શરૂપચંદના કુમાર રે
દાન લે છે મલબારી તણા પુત્ર રે
માયરામાં બીજું મંગળ વરતાય રે
બીજે મંગળ મુદ્રીકા દાન અપાય રે
માયરામાં ત્રીજું મંગળ વરતાય રે
ત્રીજે મંગળ સોનાના દાન અપાય રે

માયરામાં ચોથું મંગળ વરતાય રે
ચોથે મંગળ પુત્રીનું દાન અપાય રે
દાન આપે શરૂપચંદના કુમાર રે
દાન લે છે મલબારી તણા પુત્ર રે

૬

(વારે વારી શું શોભે છે વીરોઃ—એ ઢબ.)

કરે કામિની શું સંસારે, વારે વોરે પતિને સભારે; (૨)
બધી આળ પંપાળ વિસારે, પતિ રામનું નામ ઉચ્ચારે (૨)
ભલેને દાબો બ્રહ્માંડ ભારે, ભલેને કાપો તીક્ષણુ ધારે (૨)

સાખી—દેહ ગેહ શુદ્ધિ નહિ, તૂટી ગઇ જગ પ્રીત.
ગોરી તે ગાતી ફરે, રસીઆનું રસ ગીત.

ખાન પતિનું ને પાન પતિનું નામ પતિ ગુલતાન. } (૨)
એક મૂકે નહિ ટેક પેરાવે છેક શુળી સુલતાન. } કરે.

૭

રાગ-સીતાજીના મહીનાને.

વ્હાલા ભાઇ અને ભોજાઇ સદા દાદી વડી
શીદ શોચ કરો દીલમાંય, મુઝ ઓ ઘડી ઘડી
પુત્રી જન્મ થતાં સહુ જાણે, જે એ ધન પર તણું
મ્હારૂં વ્હેલું જવાનું જરૂર, પરાયે હાથે શું ભણું
સર્વ નારીના કર્મમાં સાસરી, સરજી છે ઇશ્વરે
તેમાં લાજ શોભા સુખ સર્વ, વળી જશ વિસ્તરે
ચાલી આવી અનાદીથી રીત, ધરમ પણ એ ખરો
માટે ઠાલો તજી ગભરાટ, મનમાં ધીરજ ધરો
મને ધીરજ ધર્મ આશિષ, આપો સૌ હળીમળી
વળી વ્હેલી તેડાવજો ભાઇ, વીનવું હું લળીલળી

૮

મોતનની પ્રભુ પ્રત્યે એક અરજી

(નાથ કયસે ગજકો બંધ છુડાયો-એલય)

પ્રભુ મારી રંકની અરજી સ્વિકારો
સારા જગતનાં કષ્ટ નિવારો. પ્રભુ.

જગત વિષે મુજ માત પિતાસમ
ભ્રાતૃ અને છે ભાભી,
સંકટ સરવ નિવારી કરો તેનું
કુશળ જીંદગી આખી. પ્રભુ.

પુત્રી સમાન કર્યું પાલન નિત્ય પાલન
લાડ અનેક લડાવ્યાં.
તે ઉપકાર પ્રભુ તમ ચરણે
બાળાએ આવી ચઢાવ્યા. પ્રભુ.

સંસાર પંથના વિકટ માર્ગને
સરળ બનાવ્યા જેણે,
શીયળવતી સતીવ્રત ધારાને
સમજાવ્યા **ગુલાબ** બેને. પ્રભુ.

વંશ વધે મુજ ભ્રાત તણો
વળી કીર્તિ રહે જગ જામી,
એ મન ઇચ્છા પૂર્ણ કરો કહે
મોતન ચરણે નામી. પ્રભુ.

૯

"સત્યનું ચિત ચિંતનરે કરવુ." એ રાગ (તોટક.)

માઇ પ્રત્યે—હતી બાળપણે નહીં સાન જરી,
ગયા માત પિતા સ્વર્ગે સંચરી;
ગણી પુત્રી સમાન ઉછેરી મને,
નમે મોતન હર્ષ થકી તમને.

ભાભી પ્રત્યે—કરી ભાઇથી બેશ ભલાઈ તમે,
બની સ્નેહ સખી મુજ પ્રેમ પથે;
ગણું ભાભા હું માતથી શ્રેષ્ટ તને,
નમે મોતન હર્ષ થકી તુજને;
જ્ઞાનદાયી પ્રત્યે—હત મોતન વાસ સુવાસ વિના,
યદિ ગુલ ગુલાબના પાસ વિના;
દઇ જ્ઞાન કરી ગુણવાન મને,
નમે મોતન હર્ષ થકી તમને.

૧૦

મોતીના વીદાયગીરી.

(રાગ સીતાજીના મહીનાનો).

અહો શીશ નગાવી શીશ, આશ્રય માંગું તાહરો
મોતી કોમળ અંગની બેન, પ્રિય પ્રાણ માહરો
તને સાસરે કરતાં વિદાય, મુંઝાય છે મન ઘણું
પરવશ આજ પ્રેમે થવાય, ભીરૂ મન છે તે તણું
તેથી અરિહંત શ્રી ભગવાન, સોંપું તારે આશરે
કરશો રક્ષા જાણી નિજ બાળ, મારી એમાં આશરે
મારી કોમળ નિર્મળ બેન થાએ જો ઉદાસરે
શુદ્ધ માર્ગ સુઝાડી સદાય, રૂદે કરજો વાસરે

શિક્ષક ગુલાબભાઇ તરફનો આશીર્વાદ.

(શાર્દુલવિક્રિડિત છંદ.)

તું છે બ્રહ્મકુમાર વામન સમું વૈરાગ્યનું રૂપ તું
તું છે કન્યા મધુરી ધુરા જીવનની આશા અનેરીજ તું
વિદ્યા મોહનમાળ કંઠે ધરીને સંસારના સાગરે
મુગ્ધા જાય તરાણ આત્મબળથી લક્ષ્મી વધાવા અરે.

છપાવી પ્રસિદ્ધ કરનાર—

શા. હેમચંદ શરૂપચંદ

ઠે. નાણાવટ—**સુરત.**

છાપનાર—

પ્રભુશંકર નરભેરામ વ્યાસ.

છાપવાનું ઠેકાણું—

શા. ખુબચંદ અમીચંદના ધી સુરત જૈન એનજીન પ્રીન્ટીંગ પ્રેસમાં ઠે. ખપાટીઆ ચકલા-**સુરત.**